# :  એડવાન્સ ટેક્ષ ભરતાં કરદાતાઓજોગ  :

(૧) સને ૨૦૧૯–૨૦ ના વર્ષનાં અંદાજપત્રમાં કરેલ જોગવાઈઓ અનુસાર, જે કરદાતાઓ સને ૨૦૧૯–૨૦ નાં વર્ષનો તમામ મિલ્કત વેરો અગાઉની તમામ પાછલી બાકી સહિત પૂરેપૂરો ચુકવી આપશે તો તેઓને માહે એપ્રિલ–૨૦૧૯ દરમ્યાન ચૂકવણીનાં પ્રસંગે સામાન્ય વેરાનાં (યુઝર ચાર્જીસ સિવાય) ની રકમ ઉપર ૧૦% નાં દરે રીબેટ (વળતર) આપવામાં આવશે.

(૨) જે કરદાતાઓ સને ૨૦૧૯–૨૦ નાં વર્ષનો તમામ મિલ્કત વેરો અગાઉની તમામ પાછલી બાકી સહિત પૂરેપૂરો ચુકવી આપશે તો તેઓને માહે મે–૨૦૧૯ દરમ્યાન ચૂકવણીનાં પ્રસંગે સામાન્ય વેરાનાં (યુઝર ચાર્જીસ સિવાય) ની રકમ ઉપર ૦૭% નાં દરે રીબેટ (વળતર) આપવામાં આવશે.

(૩) શહેરના નાગરિકો પૈકી આકારણી દફતરે પ્રથમ કરપાત્ર વ્યકિત તરીકે નોંધાયેલ કરદાતાઓ પૈકી તા.૩૧/૦૩/૨૦૧૯ નાં રોજ " સીનીયર સીટીઝન " તરીકેનો દરજજો ધરાવતાં હશે અને તા.૩૧/૦૫/૨૦૧૯ સુધીમાં સીનીયર સીટીઝન તરીકેના જરૂરી પુરાવા સાથે અરજી કરશે તેમજ સને ૨૦૧૯–૨૦ નાં વર્ષના બીલ મળ્યેથી દિન–૧૫ માં અગાઉના બાકી વેરાઓ તથા શિક્ષણ ઉપકર સહિતનો પૂરેપૂરો વેરો ભરપાઈ કરશે તો **તેઓની ગમે તે એક સ્વવસવાટની રહેણાંકની મિલકતમાં મિલકત કરના ૧૦% વળતર (રીબેટ) આપવામાં આવશે.**

(૪) જે કરદાતાઓ સને ૨૦૧૯–૨૦નાં વર્ષનો તમામ મિલ્કત વેરો સુરત મની કાર્ડ/અન્ય ક્રેડિટ કાર્ડ/ડેબિટ કાર્ડ/નેટ–બેંકિંગ/વોલેટ/ અન્ય કોઈ પણ માધ્યમથી ડીજીટલ પેમેન્ટ દ્વારા પૂરેપૂરી ચૂકવી આપેલ હશે તો તેવા કિસ્સાઓમાં નાણાંકીય વર્ષ ૨૦૧૯–૨૦માં ફકત મિલ્કતવેરાની (સામાન્ય વેરો) રકમ ઉપર એપ્રિલ તથા મે માસમાં અ.નં.–૧,૨ અને ૩ ઉપરાંત ૨%ના દરે શરૂઆતના બે માસ દરમ્યાન ખાસ પ્રકારનું વળતર (રીબેટ) આપવામાં આવશે.